૧



જાતિ પ્રમાણપત્ર સંબંધિત રેકોર્ડ સાચવવાની
સમયમર્યાદા નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**સમાજ કલ્યાણ વિભાગ**
**પરિપત્ર ક્રમાંક અજમ-૧૦૯૫-૩૩૫-ખ,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ-૨૭-૭-૧૯૯૫**

વંચાણે લીધા :- સમાજ કલ્યાણ નિયામકશ્રીની કચેરીનો તા. ૨૨-૨-૯૫નો પત્ર ક્રમાંક : રાક/અગન/તાસ/૯૫/૩૪૧/૨૦૦૩.

**ઠરાવ**

બંધ કરેલી બધી ફાઇલો તેમની અગત્ય અને વહીવટી જરૂરિયાતો પ્રમાણે સંદર્ભ માટે જોઇતા સમયને લક્ષમાં લઇને તે સાચવી રાખવા માટે કચેરી કાર્યપધ્ધતિ મુજબ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવાની હોય છે.

૨. અનુ. જાતિ/જનજાતિના પ્રમાણપત્રો તથા તેને લગતું તમામ રેકર્ડ એવા પ્રકારનું રેકર્ડ છે કે ઘણાં વર્ષો પછી પણ તેની જરૂર પડે છે કેટલીકવાર જે તે વ્યક્તિએ ખોટા પ્રમાણપત્રો રજૂ કરી સરકારી લાભો મેળવ્યા અંગે ફરિયાદો થતી હોય છે અથવા તો ગમે તે સમયે જે તે વ્યકિતના હક્ક દાવા અન્વયે ચકાસણી કરવાના પ્રસંગો ઉદભવતા હોય છે. વળી જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારીએ પણ જો ખોટું જાતિ પ્રમાણપત્ર આપેલ હોય તો તેમની સામે પણ ખાતાકીય રાહે શિક્ષાત્મક પગલાં લેવાના પ્રસંગો બનતા હોય છે. આથી આવા હેતુ માટે પણ જાતિ પ્રમાણપત્રને સંબંધિત તમામ આધાર-પૂરાવાઓ સહિતનું રેકર્ડ કાયમી ધોરણે સાચવવાનું જરૂરીજણાયું છે. આથી સઘન વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે અનુસૂચિત જાતિ/જનજાતિ અંગેનું તમામ રેકર્ડ 'ક' વર્ગમાં વર્ગીકૃત કરી કચેરી કાર્યપધ્ધતિની સૂચનાઓ અનુસાર જાળવવું.

૩. આ ચૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે જોવા આથી લાગતા-વળગતા અધિકારીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી.
(વી.એમ. પરમાર)
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,
રાજયપાલશ્રીના સચિવશ્રી,
માન, મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
માન. મંત્રીશ્રી સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી
માન. મંત્રીશ્રી આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી.
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, આદિજાતિ વિકાસ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે મામલતદારશ્રીઓ.
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
વિભાગની સર્વે શાખાઓ.
પસંદગી ફાઈલ.